Vol. 6, Sp. Issue: 8, August : 2018
(IJRSML) ISSN: 2321 - 2853

# બી.એડ્. માં શૈક્ષણિક મનોવિજ્ઞાન વિષયમાં પસંદિત એકમોમાં PPT કાર્યક્રમની રચના અને તેની અસરકારકતા

ડૉ. બીના એમ. પારેખ
આચાર્યા, શ્રીમતી પી.કે.ઈનામદાર કોલેજ ઓફ્ એજ્યુકેશન,બાકરોલ (વલ્લભ વિદ્યાનગર)

**સારાંશ**

વર્તમાન યુગ ટેકનોલોજીનો યુગ છે. આજે શિક્ષણમાં પણ વિદ્યાર્થીઓને વિવિધ પદ્ધતિ અને પ્રવૃત્તિથી શિક્ષણ આપવા પર ભાર આપવામાં આવે છે. કહેવાય છે કે વિદ્યાર્થી શિક્ષણ મેળવવામાં જેટલી વધારે જ્ઞાનેન્દ્રીઓનો ઉપયોગ કરે તેટલું વિદ્યાર્થીનું જ્ઞાન ચિરંજીવી બને છે. આથી આજે શિક્ષણમાં પણ ટેકનોલોજીનો ઉપયોગતો કરવો જ રહ્યો. શિક્ષણ આપવા માટે વિવિધ દૃશ્ય, શ્રાવ્ય, દૃશ્ય-શ્રાવ્ય, વગેરે જેવા સાધનોનો ઉપયોગ થઈ શકે છે. તેમાંનું એક માધ્યમ PPT દ્વારા શિક્ષણ પણ આપી શકાય છે. આમ કરવાથી વર્ગખંડમાં અધ્યાપનકાર્ય નાવિન્યપ્રદ અને રસિક બનાવી શકાય.

**ચાવીરૂપ શબ્દો:** શૈક્ષણિક મનોવિજ્ઞાન, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કાર્યક્રમ, શૈક્ષણિક સિદ્ધિ, અસરકારકતા

## ૧ પ્રસ્તાવના

વર્તમાન સમયમાં શિક્ષણક્ષેત્રે સમાજ અકલ્પનીય સિદ્ધિઓ મેળવી છે. શૈક્ષણિક સમસ્યાઓના નિદાન ઉપચાર માટે વિદ્યાર્થીઓની સિદ્ધિ ઊંચી લાવવા માટે, વર્ગખંડો, શાળા પર્યાવરણ, સહભ્યાસિક પ્રવૃત્તિઓ શિક્ષણ પ્રશિક્ષણ, શિક્ષણની ગુણવત્તા જેવી અનેક શૈક્ષણિક બાબતો માટે વિજ્ઞાન અને ટેકનોલોજી બ્રહ્મશાસ્ત્ર સાબિત થયેલ છે. તેમજ, વર્તમાન શિક્ષણમાં ઊભી થતી આજે સમસ્યાઓને કેન્દ્રમાં રાખી તે અંગેના સંશોધનો શરૂ થયા આજે શિક્ષણનાં ક્ષેત્ર અભિગમ અનિવાર્ય બની ગયો છે. મૉડેલ, નમૂના, રેડિયો, ટી.વી., PPT, બહુ માધ્યમ સંપુટ વગેરે સાધનો દ્વારા ટેકનોલોજીએ શિક્ષણમાં વ્યવહારૂ બનાવીને શિક્ષણની ગુણવત્તા સુધારવાનો પ્રયાસ દરેક શાળાએ તથા શિક્ષકે કરવો જોઈએ. આપણે જો ટેકનોલોજીનો ઉપયોગ વર્ગ અધ્યાપનમાં કરીએ તો સમગ્ર શિક્ષણ પ્રણાલી ચેતનવંતી બનશે. વર્તમાન પરિસ્થિતિમાં આ પાશ્ચાત્ય ભૂમિકાને ધ્યાનમાં રાખી શૈક્ષણિક મનોવિજ્ઞાન વિષયના અધ્યયન કાર્યમાં PPT (પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન) કાર્યક્રમની રચના કરવાનું અનિવાર્ય જણાયું. તેથી PPT ના કાર્યક્રમની રચના કરી તેની અજમાયશ કરવાનું સંશોધનકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

## ૨. હેતુઓ

૧. બી.એડ્. માં શૈક્ષણિક મનોવિજ્ઞાન વિષયમાં અધ્યયન અક્ષમ બાળકો એકમ માટે PPT (પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન) તૈયાર કરવું.
૨. બી.એડ્.માં શૈક્ષણિક મનોવિજ્ઞાન વિષયમાં અધ્યયન અક્ષમ બાળકો એકમ માટે સ્વ નિર્મિત ઉત્તર કસોટી તૈયાર કરવી.
૩. બી.એડ્. માં શૈક્ષણિક મનોવિજ્ઞાન વિષયમાં અધ્યયન અક્ષમ બાળકો એકમ ઉપર શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં PPT (પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન) આધારિત અધ્યાપન પદ્ધતિ અને પરંપરાગત પદ્ધતિની તુલના કરવી.
૪. શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અધ્યાપન પદ્ધતિની જાતીયતા પર અસર તપાસવી.

## ૩. ઉત્કલ્પાના

૧. બી.એડ્. માં શૈક્ષણિક મનોવિજ્ઞાન વિષયના અધ્યાપન કાર્યમાં PPT (પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન) આધારિત અધ્યાપન પદ્ધતિ અને પરંપરાગત પદ્ધતિની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૨. બી.એડ્. માં કુમારોની શૈક્ષણિક મનોવિજ્ઞાન વિષયના અધ્યાપન કાર્યમાં PPT (પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન) આધારિત અધ્યાપન પદ્ધતિ અને પરંપરાગત પદ્ધતિની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
૩. બી.એડ્. માં કન્યાઓની શૈક્ષણિક મનોવિજ્ઞાન વિષયના અધ્યાપન કાર્યમાં PPT (પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન) આધારિત અધ્યાપન પદ્ધતિ અને પરંપરાગત પદ્ધતિની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

**૩. ચલ**

૧. સ્વતંત્ર ચલ: PPT દ્વારા અધ્યાપન, વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન
૨. પરતંત્ર ચલ: શૈક્ષણિક સિદ્ધિ
૩. અંકુશિત ચલ: કોલેજનું વાતાવરણ, માધ્યમ, વિષય, પસંદિત એકમ
૪. પરિવર્તક ચલ: જાતિયતા (કુમારો, કન્યા)
૫. આંતરવર્તીય ચલ: જૂથો વચ્ચેની આંતરક્રિયા, વૈયક્તિક તફાવતો, વિષય પ્રત્યેનો રસ અને ઉત્સાહ

**૪. વ્યાપવિશ્વ**

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે આણંદ જીલ્લાની ગુજરાતી માધ્યમની બી.એડ્. કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૂરતું સીમિત હતું.

**૫. નમૂનો**

પ્રસ્તુત સંશોધનમાં પ્રયોગ કાર્ય સતત પાંચ દિવસ સુધી કરવાનું હોય, કોલેજ સંચાલક તેમજ અધ્યાપકોના સહકાર મળે તે હેતુથી કોલેજની પસંદગી સહેતુક નમૂના પસંદગીથી અને જૂથોમાં પાત્રોની વહેંચણી આકસ્મિકરણની રીતે કરેલી હતી.

**૬. સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન માટે અભ્યાસના હેતુઓનાં સંદર્ભમાં પ્રાયોગિક સંશોધન પદ્ધતિ પસંદ કરી હતી. પ્રાયોગિક સંશોધન પદ્ધતિ અન્ય સંશોધન પદ્ધતિઓ કરતા વધુ શુદ્ધ અને ગુણવત્તાવાળી સંશોધન પદ્ધતિ છે.

**૭. સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં માહિતીની એકત્રીકરણ માટે શિક્ષક નિર્મિત કસોટીની સંરચના કરવામાં આવી હતી. પ્રાયોગિક કાર્યનાં અંતે બે જૂથનાં પ્રશિક્ષણાર્થીઓની અધ્યયન અક્ષમ બાળકો એકમની શૈક્ષણિક સિદ્ધિનું માપન કરવા માટે શિક્ષક નિર્મિત કસોટી આપવામાં આવી હતી. આ કસોટી ૨૫ ગુણની હતી અને તે કસોટી સમય ૩૫ મિનિટનો હતો. બંને જૂથને એક જ સમયે કસોટી આપવામાં આવી હતી.

**૮. માહિતીનું પૃથક્કરણ**

પ્રસ્તુત અભ્યાસ કરવામાં સ્વતંત્ર ચલ અધ્યાપન પદ્ધતિ લાગુ પાડ્યા બાદ કુમારોના પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ અને કન્યાઓના પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથને ઉત્તર કસોટી આપી માહિતી મેળવવામાં આવી હતી. આ માહિતી પાત્રોના સિદ્ધિ પ્રાપ્તાંકો હતા જે અંતરાલ સ્વરૂપે હતી. અભ્યાસમાં નમૂનાનાં પ્રાયોગિક જૂથનાં કુમારોની સંખ્યા ૧૫ હતી અને નિયંત્રિત જૂથનાં કુમારોની સંખ્યા ૧૫ હતી. તે જ રીતે પ્રાયોગિક અને નિયંત્રિત જૂથની કન્યાઓ અનુક્રમે ૧૫-૧૫ હતી. ઉત્કલ્પનાના સમાધાન માટે અભ્યાસ હાથ ધરી મેળવેલ કાચા પ્રાપ્તાંકો પરથી આંકિક માહિતી જેવી કે જૂથોની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન તથા બે જૂથોની સરાસરી વચ્ચે સાર્થક તફાવતની સાર્થકતા નક્કી કરવા ટી-મૂલ્ય શોધવામાં આવ્યા હતાં.

**પ્રયોગ: જૂથ અનુસાર કુમારો અને કન્યાઓની સંખ્યા, સરાસરી, પ્રમાણ વિચલન અને ટી-મૂલ્ય**

| પદ્ધતિ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | ટી-મૂલ્ય | અર્થઘટન |
|---|---|---|---|---|---|
| PPT | ૩૦ | ૧૮.૪૦ | ૫.૯૯૧ | ૩.૮૨૫ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| પરંપરાગત | ૩૦ | ૧૨.૫૩ | ૫.૮૮૮ | ૩.૮૨૫ | |

પ્રાયોગિક જૂથના ૩૦ કુમારો અને નિયંત્રિત જૂથની ૩૦ કન્યાઓના ઉત્તર કસોટી પરનાં પ્રાપ્તાંકોની સરાસરી ૧૮.૪૦ છે અને પ્રમાણ વિચલન ૫.૯૯૧ છે. નિયંત્રિત જૂથના ૩૦ કુમારો અને કન્યાઓની ઉત્તર કસોટી પરનાં પ્રાપ્તાંકોની સરાસરી ૧૨.૫૩ અને

પ્રમાણ વિચલન ૫.૮૮૮ છે. સરાસરી વચ્ચે જોવા મળેલ તફાવતનું ટી-મૂલ્ય ૩.૮૨૫ છે. આથી પ્રાપ્ત ટી-મૂલ્ય ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

**કુમારોનાં પ્રાયોગિક અને નિયંત્રિત જૂથોની ઉત્તર કસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણ વિચલન અને ટી-મૂલ્ય**

| પદ્ધતિ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | ટી-મૂલ્ય | અર્થઘટન |
|---|---|---|---|---|---|
| PPT | ૧૫ | ૧૭.૨૭ | ૫.૬૪ | ૧.૮૨૯ | સાર્થક નથી |
| પરંપરાગત | ૧૫ | ૧૩.૫૩ | ૫.૫૪ | ૧.૮૨૯ | |

કુમારોના પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથની સરાસરીઓ અનુક્રમે ૧૭.૨૭ અને ૧૩.૫૩ હતી. બંને જૂથોના પ્રમાણ વિચલન અનુક્રમે ૫.૬૪ અને ૫.૫૪ હતા. બંને જૂથોની સરાસરીઓ વચ્ચેનો તફાવત ૧.૮૨૯ મળ્યો હતો. આ તફાવતની સાર્થકતા ચકાસવા ટી-મૂલ્યની ગણતરી કરવામાં આવી હતી. ગણતરી બાદ મળેલા ટી-મૂલ્ય ૧.૮૨૯ હતું. જે અંકશાસ્ત્રીય રીતે ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી.

**કન્યાઓનાં પ્રાયોગિક અને નિયંત્રિત જૂથોની ઉત્તર કસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણ વિચલન અને ટી-મૂલ્ય**

| પદ્ધતિ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | ટી-મૂલ્ય | અર્થઘટન |
|---|---|---|---|---|---|
| PPT | ૧૫ | ૧૯.૫૩ | ૬.૩૧૧ | ૩.૪૯૦ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| પરંપરાગત | ૧૫ | ૧૧.૫૩ | ૬.૨૪૩ | ૩.૪૯૦ | |

કન્યાઓના પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથની સરાસરીઓ અનુક્રમે ૧૯.૫૩ અને ૧૧.૫૩ હતી. બંને જૂથોના પ્રમાણ વિચલન અનુક્રમે ૬.૩૧૧અને ૬.૨૪૩ હતા. બંને જૂથોની સરાસરીઓ વચ્ચેનો તફાવત મળ્યો હતો. આ તફાવતની સાર્થકતા ચકાસવા ટી-મૂલ્યની ગણતરી કરવામાં આવી હતી. ગણતરી બાદ મળેલા ટી-મૂલ્ય ૩.૪૯૦ હતું. જે અંકશાસ્ત્રીય રીતે ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

## તારણો

૧. બી.એડ્. માં શૈક્ષણિક મનોવિજ્ઞાન વિષયના અધ્યાપન કાર્યક્રમ પરંપરાગત પદ્ધતિ કરતાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન આધારિત અધ્યાપન પદ્ધતિની શૈક્ષણિક સિદ્ધિ વધુ અસરકારક જોવા મળે છે.
૨. પ્રસ્તુત સંશોધનમાં બી.એડ્. માં શૈક્ષણિક મનોવિજ્ઞાન વિષયના અધ્યયન અક્ષમ બાળકો એકમ માટે કુમારોના અધ્યાપન માટે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કાર્યક્રમ અને વ્યાખ્યાન પદ્ધતિ બંને માંથી વ્યાખ્યાન પદ્ધતિ અસરકારક રહી હતી.
૩. પ્રસ્તુત સંશોધનમાં બી.એડ્. માં શૈક્ષણિક મનોવિજ્ઞાન વિષયના અધ્યયન અક્ષમ બાળકો એકમ માટે કન્યાઓના અધ્યાપન માટે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કાર્યક્રમ અને વ્યાખ્યાન પદ્ધતિ બંને માંથી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.
૪. બી.એડ્. માં શૈક્ષણિક મનોવિજ્ઞાન વિષયના અધ્યાપન કાર્યમાં કુમારો કરતા કન્યાઓની પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન આધારિત અધ્યાપન પદ્ધતિ દ્વારા શૈક્ષણિક સિદ્ધિ વધુ અસરકારક જોવા મળેલ છે.

## સંદર્ભ સાહિત્ય

1. અંબાસણા, એ.ડી. (૨૦૦૨). તમારા કોમ્પ્યુટરને ઓળખો, શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
2. ઉચાટ, ડી.એ. (૧૯૮૮). સંશોધનોનું સંદોહન, રાજકોટ: શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
3. ઉચાટ, ડી.એ. અને અન્યો (૧૯૯૮). સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો? રાજકોટ : નિર્જિત સાયકો સેન્ટર.
4. દેસાઈ, એચ.જી. અને કે.જી. દેસાઈ (૧૯૯૭). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ, અમદાવાદ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
5. મહેતા, પી.આર. અને અન્યો (૨૦૦૮). કમ્પ્યુટર પરિચય, રાજકોટ: પ્રથમ પ્રકાશન.
6. શાહ, દીપિકા બી. (૨૦૦૪). શૈક્ષણિક સંશોધન, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.